ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# જેઠ મહીનામાં અષાઢી માહોલ વચ્ચે શ્રાવણિયો વરસાદ

**બપોરના સમયે આકાશમાં વરસાદી વાદળોની સવારી આવી પહોંચે છે પરંતુ મેઘરાજા મનમુકીને વરસતા નથી શ્રાવણની જેમ સરવરિયા વરસાવી અદ્રશ્ય થઇ જાય છે : દિવસના અંતે ૮.૫ મી મી વરસાદ**



ગાંધીનગર તા ૧૯

આકરા ઉનાળાએ વિદાય લીધા બાદ વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધતા નગરજનો છેલ્લા કેટલાક સમયથી અસહ્ય ઉકળાટ અનુભવતા હતા પરંતુ વાદળિયા વાતાવરણ વચ્ચે શહેરમાં વરસાદી મોસમ નિખરતા રોજ વરસાદ હળવા ઝાપટા વરસાવી હાજરી પુરાવી જાય છે. જેઠ મહીનામાં અષાઢી માહોલ વચ્ચે શ્રાવણિયા વરસાદથી નગરમાં ભીંજારો યથાવત છે. મેઘરાજા મનમુકીને વરસતા નથી. જો કે સતત ચાર દિવસથી શ્રાવણના સરવરિયાની જેમ વરસતા વરસાદના લીધે વાતાવરણમાં ઠંડક પ્રસરી છે.

ગાંધીનગરમાં જેઠ મહીનાના દિવસોમાં અષાઢી નઝારો રોજબરોજ નિખરે છે. રોજ બપોરે વાતાવરણ પલ્ટાના અંતે આકાશમાં વરસાદી વાદળો ગોરંભાય છે. અને દિવસે બપોર દરમિયાન રીમઝીમ વરસાદ વરસતા સેકટરોમાં વરસાદી પાણીના ખાબોચિયા ઉભરાય છે. છેલ્લા ચાર દિવસથી વરસાદનો સમય જાણે નક્કી થઈ ગયો હોય તેમ બપોરના સમયે જ વાતાવરણમાં પલ્ટો આવે છે. આકાશમાં ઘેરાયેલા વરસાદી વાદળો ધીમી ધારે વરસી પડે છે. આજે પણ સવાર થી બપોર સુધી વાતાવરણ ચોખ્ખુ રહ્યુ હતુ. જયારે બપોર થતા જ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદના છાંટણા શરૂ થઈ ગયા હતા. છેલ્લા ચાર દિવસથી સતત વરસાદી વાતાવરણના લીધે શહેરમાં ભીંજારાનો માહોલ યથાવત છે. જયારે રાત્રિના સમયે જીવાતનો ઉપદ્રવ પણ વધ્યો છે. વરસાદી વાયરાના લીધે વાતાવરણમાં પણ ઠંડક

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરના મ્યુનિ. કમિશનર, ડી.ડી.ઓ. અને ગુડાના મુખ્ય અધિકારી બદલાયા

ગાંધીનગર, તા. ૧૯

રાજ્યના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આજે રાજ્ય વહીવટીતંત્રમાં એક સાથે ૭૭ સનદી અધિકારીઓની બદલીના કરેલા હુકમોને પગલે જિલ્લાના ૩ સનદી અધિકારીઓ બદલાયા છે.

ગાંધીનગર મ્યુનિ. કમિશનર ડૉ. રતનકુંવર ગઢવી ચારણની બદલી સર્વ શિક્ષા અભિયાનમાં કરવામાં આવી છે જ્યારે તેમના સ્થાને સુરતના કલેક્ટર તરીકે રહેલા ડૉ. ધવલ પટેલની નિમણુંક કરવામાં આવી છે.

ગાંધીનગર મનપાના કમિશનર તરીકે ડૉ. ધવલ પટેલની નિમણુંક થતાં મનપાના વહીવટીતંત્રને વધુ ગતિશીલ બનાવવા તેમજ વધુ કેટલીક સત્તાઓ મનપાને ફાળવી અને વહીવટીય માળખાને વધુ સુદ્રઢ કરવાની મનશા રાજ્ય સરકારની છે તેવા સંકેતો મળી રહ્યા છે.

ડૉ. ધવલ પટેલે બી.જે. મેડિકલ કોલેજમાં રેડિયોલોજીનો અભ્યાસ કર્યા પછી યુ.પી.એસ.સી.ની પરીક્ષામાં ૧૨ મા ક્રમે ઉત્તીર્ણ થઈ અને સનદી સેવામાં જોડાયા હતા. તેમણે આણંદ કલેક્ટર તેમજ સુરત કલેક્ટર તરીકે સફળતાપૂર્વક કામગીરી કરી છે.

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શાલિની દુહાનની પણ બદલીનો હુકમ આજે થયો છે. તેમના સ્થાને આસિ. કલેક્ટર તરીકે ફરજો બજાવતા સુરભી ગૌતમને નિયુક્ત કરવામાં આવ્યા છે.

મધ્યપ્રદેશના વતની સુરભી ગૌતમે હિન્દી માધ્યમમાં અભ્યાસ કર્યો છે. તેઓ ઈજનેરી વિદ્યાશાખાની ડિગ્રી ધરાવે છે. વિદ્યાભ્યાસ દરમ્યાન તેમણે ડૉ. એ.પી.જી. અબ્દુલ કલામ સ્કોલરશીપ પણ મેળવી હતી. સુરભી ગૌતમે યુ.પી.એસ.સી. સહિત ઘણી બધી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા મેળવી હતી. ગણિત-વિજ્ઞાન તેમના પ્રિય વિષયો રહ્યા છે. તેમણે આ બન્ને વિષયમાં શાળા અભ્યાસ દરમ્યાન ૧૦૦-૧૦૦ ગુણાંક પ્રાપ્ત કર્યા હતા.

ગુડાના અધિકારી તરીકે સેવાઓ દરમ્યાન કોરોનાની બીજી વેવમાં કોલવડા ખાતે ૨૪ કલાકમાં ઓક્સિજનનો પ્લાન સ્થાપવામાં તેમણે આપેલ યોગદાન મહત્વનું છે. તેમને સરકારે નવસારીના કલેક્ટર તરીકે નિયુક્ત કર્યા છે. ગુડા અગાઉ આણંદ ડી.ડી.ઓ. તરીકે પણ તેઓ સેવાઓ આપી ચુક્યા છે.

# સતત ત્રીજે દિવસે કોરોનાના ૪ કેસ નોંધાયા

**ગ્રામ્યમાં બે અને ગાંધીનગર શહેરમાં બે કેસ : દહેગામના દર્દીનું સારવાર દરમ્યાન અવસાન થયુ**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં આજે સતત ત્રીજે દિવસે કોરોનાના વધુ ૪ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં બે અને ગાંધીનગર શહેરમાં બે કેસ નોંધાયા છે.

જિલ્લામાં કોરોનાની સારવાર દરમ્યાન આજે વધુ એક દર્દીનું અવસાન થયુ છે. મળતી વિગતો પ્રમાણે દહેગામના ૪૫ વર્ષીય પુરૂષ દર્દીનું અવસાન થયુ છે. આ દર્દી ૭મી મે થી સારવાર હેઠળ હતા.

ગ્રામ્ય વિસ્તારમાં આજે બે કેસ દહેગામ તાલુકામાંથી જ નોંધાયા છે. જિલ્લાના અન્ય ત્રણ તાલુકા ગાંધીનગર, કલોલ અને માણસામાં એક પણ કેસ નોંધાયો નથી. દહેગામ તાલુકાના અમરાજીના મુવાડા તથા ઈસનપુર ડોડિયા ગામેથી આ કેસો નોંધાયા છે. બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૯૯ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૪૨૭ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ૯૫૩૬ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

ગાંધીનગર શહેરમાં પણ આજે કોરોનાના બે કેસ નોંધાયા છે. શહેરમાં આજે સે. ૪ માંથી એક ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તો બીજો કેસ કુડાસણમાંથી મળ્યો છે.

શહેરમાં આજે વધુ ૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હવે ૪૫ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

# રાજ્યવ્યાપી વેક્સિન મહા-અભિયાનનો આરંભ મુખ્યમંત્રી રૂપાણી ગાંધીનગર મનપા ખાતેથી કરાવશે

ગાંધીનગર, તા. ૧૯

આગામી સોમવારથી રાજ્યમાં વેક્સિનેશન મહાઅભિયાનનો આરંભ રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી ગાંધીનગરથી કરાવશે.

૪૪ વર્ષ સુધીના લોકો માટે ઓન ધી સ્પોટ રજીસ્ટ્રેશન સાથે વેક્સિનેશનના મહાઅભિયાનનો આરંભ થઈ રહ્યો છે. રાજ્યમાં વેક્સિનેશન અભિયાન સઘન બનાવવા માટેના આ મહાઅભિયાનનો આરંભ મુખ્યમંત્રી ગાંધીનગરથી કરાવશે.

મુખ્યમંત્રીના ગાંધીનગરના કાર્યક્રમને લઈ મનપાના તંત્ર દ્વારા તૈયારીઓ પણ આરંભી દેવામાં આવી છે.

દરમ્યાન મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શહેરમાં નવા સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં વેક્સિનેશન અભિયાનને સઘન બનાવવા માટે ૨૦ થી વધુ કેન્દ્રો આ દિવસે જ શરૂ કરવામાં આવશે.

શહેરમાં હાલ ૨૦ જેટલા કેન્દ્રો વેક્સિશેન અભિયાન માટે નિયત કરવામાં આવેલા છે. શહેરમાં વેક્સિનેશન મહાઅભિયાન પોલિંગ બુથ પેટર્ન પ્રમાણે હાથ ધરવાના આયોજનને હાલ આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

શહેરમાં નવા ભેળવાયેલ વિસ્તારોમાં સંક્રમણ વધુ જોવા મળતુ હતુ પરંતુ હવે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાથી આ વિસ્તારોમાંથી વધુને વધુ લોકોને આવરી લેવા માટે પોલિંગ બુથ પેટર્ન પર કામ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે શહેરમાં રોજના ૧૦ હજાર લોકોને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવાનું આયોજન છે. હાલ અંદાજે પાંચ હજાર જેટલા લોકોને રોજ આવરી લેવામાં આવે છે. આમ આ મહા અભિયાનમાં નવા વેક્સિનેશન સેન્ટરો સાથે વધુ લોકોને આવરી લેવામાં આવશે.

દરમ્યાન આજ દિવસે કેન્દ્રના ગૃહમંત્રી અમીત શાહ પણ ગાંધીનગર જિલ્લાના પ્રવાસે છે અને તેઓ કોલવડા તથા રૂપાલના રસીકરણના કેન્દ્રોની મુલાકાત પણ રસીકરણ અભિયાનને સઘન બનાવવા માટે લેવાના છે.

રસીકરણ કેન્દ્રો પર બહુ ભીડ ના થાય તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ પણ જળવાઈ રહે તે માટે નવા કેન્દ્રો શરૂ કરાશે અને દરેક કેન્દ્ર પર ૨૦૦ થી ૩૦૦ લોકોને જ આવરી લેવાનું આયોજન હાલ વિચારણા હેઠળ છે તેમ મનાઈ રહ્યું છે.

# ભીનો કચરો-સુકા કચરો તે માટે મનપા લોક જાગૃતિ આંદોલન ચલાવે : કલેક્ટર

**દહેગામ-કલોલ-માણસામાં પણ માર્ગોની સ્વચ્છતા બાબતે અધિકારીઓને કલેક્ટરે ટપાર્યા**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં સુકો કચરો અને ભીના કચરા માટે જનજાગૃતિ અભિયાન મનપાએ છેડવુ જોઈએ તેમજ લેન્ડ ફિલ્ડ માટે સાઈટ ઝડપથી શોધવામાં આવે તેવી તીખી ટકોર આજે જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ કરી હતી.

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના ટાસ્ક ફોર્સની આજે કલેક્ટરના અધ્યક્ષાપદે મળેલ બોઠકમાં તેમણે કલોલ, દહેગામ અને માણસામાં પણ આંતરિક માર્ગોની સફાઈ પુરેપુરી નહિ થતી હોવાની વાતને લઈ સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.

તેમણે કહ્યુ હતુ કે સેગ્રીગેશનની કામગીરી પણ ઝડપી બનાવવી જોઈએ તેમજ ઘનકચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ થવો જરૂરી છે. તેમણે શહેરી વિસ્તારોના શૌચાલયોની સફાઈ માટે અસરકારક મોનીટરીંગ કરવા માટેની કડક સૂચનાઓ આપી હતી.

દહેગામ શહેરમાં જે રીતે ઘનકચરો જોવા મળી રહ્યો છે તેને લઈ તેમણે સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી. ગાંધીનગર શહેરમાં જાહેર સ્વચ્છતાને લઈ હજુ કામગીરી સઘન બનાવવામાં આવે તે માટે ભાર મુક્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# ધો -૧૦ અને ૧૨ના રીપીટર વિદ્યાર્થીઓની આગામી ૧૫ જુલાઈથી પરીક્ષા યોજાશે

**આગામી દિવસોમાં કાર્યક્રમ જાહેર થશે : કોરોનાની ગાઇડલાઇન મુજબ પરીક્ષાનુ આયોજન કરાશે**

ગાંધીનગર તા ૧૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવલ ડી એસ પટેલના જણાંવ્યા મુજબ રાજય સરકારે અગાઉ ધો -૧૦ અને ૧૨ ના નિયમિત , રીપીટર , ખાનગી અને પૃથ્થક ઉમેદવારોની પરીક્ષા તા ૧ જુલાઈના રોજ યોજવાનો નિર્ણય લીધો હતો. પરંતુ ત્યારબાદ કોરોનાની સ્થિતિને ધ્યાનમાં રાખી જુનના પ્રથમ સપ્તાહમાં આ પરીક્ષા રદ કરવાનો નિર્ણય લીધો હતો. જયારે ધો -૧૦ ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાની જાહેરાત બાદ ધો -૧૨ ની પરીક્ષા પણ રદ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારે આ તબક્કે ધો -૧૦ અને ૧૨ ના રીપીટર વિદ્યાર્થીઓએ પરીક્ષા રદ કરવા સાથે માસ પ્રમોશનની માંગણી કરી હતી. પરંતુ આ માંગણીને ધ્યાનમાં લીધા સિવાય શિક્ષણ વિભાગે

● અનુસંધાન પાન-૭ પર


શિવાલય™ | हरि GROUP Since 1992

Gandhinagar's
New Business Address

THE
LANDMARK
@ KUDASAN



@ Landmark Cross Roads,
Opp. Kansar Restaurant, Kudasan, Gandhinagar

Rera No. PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/CAA04229/031218
www.gujrera.gujarat.gov.in

Showrooms | Shops | Offices

exclusively marketed by:
tps The Property Shop™
76000 99959, 70412 45341


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com